# વિક્રમ સંવત ૨૦૭૨નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

## ● કુર્મચક્ર

પ્રાચીન રાષ્ટ્રીય જ્યોતિષ ફળાદેશમાં કુર્મચક્રની મહત્તા સવિશેષ છે. કુર્મચક્રમાં કુર્મરૂપી જનાર્દન યા પ્રજાપતિનું શિર યા મુખ સદૈવ પૂર્વ દિશામાં રહે છે. સંસ્કૃત ભાષામાં ક જલ ઉર્મિ ગતિ લહર શબ્દ થતો હોવાથી કુર્મચક્રનો શબ્દાર્થ છે. જળમાં તરતો પિંડ યા પૃથ્વી.

કુર્મચક્રને કાચબા આકારે નવ ભાગમાં વિભાજીત કરેલ છે.

(૧) નાભિ યા મધ્ય ભાગ - કૃતિકા રોહિણી, મૃગશિરા.
(૨) પૂર્વ - મસ્તક - આર્દ્રા, પુનઃ પુષ્ય
(૩) અગ્નિકોણ (પગ) આશ્લેષા, મધા, પ્રજ્ઞા
(૪) દક્ષિણ :- (પાર્શ્વ)ઉ.ફા. હસ્ત, ચિત્રા
(૫) દક્ષિણ-પશ્ચિમ યા નૈઋત્ય (પગ) સ્વાતિ, વિશાખા, અનુઃ
(૬) પશ્ચિમ - પૂંછ જયેષ્ઠ, મૂલ, પૂ.ષા.
(૭) પશ્ચિમ ઉત્તર યા વાયવ્ય (પગ) - ઉ.ષા., શ્રવણ, ઘનિષ્ઠ
(૮) ઉત્તર-કૃષિ - શતભિષા, પૂ.ભા, ઉ.ભા.
(૯) ઉત્તર-પૂર્વ યા ઈશાન :- (પગ) રેવતી, અશ્વિની, ભરણી પૃથ્વી કુર્મમાં કૃતિકાથી ૩-૩ નક્ષત્ર

ક્રમ : મધ્ય પૂર્વ, અગ્નિકોણ વિ. પરિક્રમાથી સ્થાપિત કરેલ છે. કુર્મચક્ર કાચબાના આકારે રહેલ છે.

વિક્રમ સંવત-૨૦૭૨નું રાષ્ટ્રીય ભવિષ્ય કુર્મચક્ર આધારે જોતાં,

(૧) સૂર્ય :- વિશાખા, અનુરાધા, જયેષ્ઠા તા. ૬-૧૧-૨૦૧૫ થી ૩-૧૨-૨૦૧૫
(૨) મંગળ :- હસ્ત, ચિત્રા
તા. ૧૯-૧૧-૨૦૧૫ થી ૧૨-૧૨-૧૫
(૩) ગુરૂ ઉ.ફા.
તા. ૨૮-૧૧-૨૦૧૫
(૪) બુધ :- અનુરાધા, જયેષ્ઠ, મૂળ
તા. ૧૯-૧૧-૨૦૧૫ થી ૬-૧૨-૨૦૧૫
(૫) શુક્ર :- હસ્ત, ચિત્રા, સ્વાતિ
(૬) શનિ - અનુરાધા
(૭) હર્ષલ - રેવતી
(૮) નેપ્ચ્યુન - શતતારા
(૯) પ્લટો - પૂ.ષા.
(૧૦) રાહુ ઉ.ફા. કેતુ ઉ.ભા.

કારતક તા. ૧૨ નવેમ્બરથી ૧૧ ડિસેમ્બર

ગ્રહોની દષ્ટિએ જોતાં કારતક વિ.સં.-૨૦૭૨ના વર્ષમાં જોતાં કુર્મચક્ર મુજબ નૈઋત્ય, પશ્ચિમ દિશા, દક્ષિણ દિશા, ઈશાનકોણ, ઉત્તરદિશા વધુ પ્રભાવિત થશે. થોડેઘણે અંશે અન્ય દિશાઓ પણ પ્રભાવિત થશે. રાજકીય ક્ષેત્રમાં મત મતાંતર ઉભરી આવે, સૂર્ય શામ યોગ ફળ જ્યોતિષમાં રાજકારણને પ્રભાવિત કરે છે. આ ઉપરાંત ફિલ્મ, નટ, નટી, વિગેરે માટે પણ સમય સારો હોવા છતાં આદર્શ ફિલ્મની માંગ વધશે, મહિલા સુરક્ષાના પગલાં લેવાશે. ઉપર્યુક્ત ગ્રહ સંજોગો જોતાં સાગરમાં ચક્રવાતી બળો ઉત્પન્ન થતાં જણાશે. બંગાળાના ઉપસાગર તેમજ અરબ સાગર ઉપર હવાના દબાણ ઉભા થતા જણાશે.

## ● માગશર (૧૨ ડિસે. થી ૯ જાન્યુ.-૨૦૧૬)

(૧) સૂર્ય - મૂળ, પૂ.ષા.
(૨) મંગળ - ચિત્રા, સ્વાતિ
(૩) બુધ - ઉ.ષા.
(૪) ગુરૂ - ઉ.ફા.
(૫) શુક્ર - વિશાખા
(૬) શનિ - અનુરાધા
(૭) હર્ષલ - રેવતી
(૮) નેપ્ચ્યુન - શત.
(૯) પ્લુટો - પૂ.ષા.
(૧૦) શુક્ર - ઉ.ફા.
(૧૧) કેતુ - પૂ.ભા.

કુર્મચક્ર પ્રમાણે જોતાં, પશ્ચિમ દિશા, વાયવ્ય ખુણો, દક્ષિણ-દિશા, ઈશાન ખૂણો, ઉત્તર દિશા વધુ પ્રભાવિત થશે.

સમસ્ત બર્ફિલા પહાડો, પાકિસ્તાન, પંજાબ, કર્ણાટક, કેરલ, તામિલનાડુ, અફઘાન, બલૂચ, પશ્ચિમી પ્રદેશ વિગેરે ભાગો વધુ પ્રભાવિત થતાં જણાશે. દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થતો જણાશે. જયારે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા જણાશે. જમ્મુ-કાશ્મીરના ભાગો, તેમજ અફઘાન પહાડી પ્રદેશો, પશ્ચિમના ભાગોમાં ભારે હિમવર્ષાથી પ્રહાર જણાશે. કોઈ કોઈ ભાગોમાં તો તાપમાન શૂન્ય ડિગ્રી સે. થી પણ નીચે જવાની વકી રહેશે. દેશના પશ્ચિમ ક્ષેત્ર, જમ્મુ-કાશ્મીર વિગેરે ભાગોમાં આતંકી પ્રવૃત્તિ માઝા મુકે. ચીનના સીમાંત પ્રદેશ પણ સાચવવા પડે તેવું બને.

## ● પોષ :- (૧૦ જાન્યુ. થી ૮ ફેબ્રુ.)

(૧) સૂર્ય - ઉ.ષા. ઘનિષ્ઠ
(૨) મંગળ - સ્વાતિ, વિશાખા
(૩) બુધ - પૂ.ષા. ઉષા
(૪) ગુરુ - ઉ.ફા.
(૫) શુક્ર - મૂળ, પૂ.ષા.
(૬) શનિ - જયેષ્ઠ
(૭) હર્ષલ - રેવતી
(૮) નેપ્ચ્યુન - સતતારા
(૯) પ્લુટો - પૂ.ષા.
(૧૦) રાહુ - ઉ.ફા.
(૧૧) કેતુ - પૂ.ભા.

કુર્મચક્ર પ્રમાણે ઉત્તર-વાયવ્ય, પશ્ચિમ, દક્ષિણ, ઈશાન ખુણો, ઉત્તર દિશા, દિશાઓ વધુ પ્રભાવિત થતી જણાશે.

દેશના ઉત્તરીય - પર્વતીય પ્રદેશો ભારે હિમવર્ષાથી ઠંડાગાર બની જાય. ધન રાશિમાં બુધ-શુક્ર યોગથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં કરા પડવાની વકી રહે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં માવઠાનો યોગ સંભવે. દેશમાં સુખ, શાંતિમાં વૃદ્ધિ જણાય. જો કે પોષ વદમાં પ્રજાકષ્ટના યોગ બને. વિપરીત-હવામાનથી વિષમ અસર કૃષિપાકો ઉપર પણ પડવાની વકી રહે. દેશનું અર્થતંત્ર પાટા ઉપર આવતુ જણાશે. અમેરિકા, મેક્સિકો, ચીન, વિગેરે ભાગોમાં વાવાઝોડા અથવા તો ભારે હિમવર્ષાની અસર જણાય. પાકિસ્તાન, પંજાબ, સમસ્ત કાશ્મિર ઘાટી ભારે બરફમાં લપેટાઈ જાય. દેશનું અર્થતંત્ર ગતિ પકડતું જણાય.

## ● મહામાસ :- (૯ ફેબ્રુ. થી ૯ માર્ચ)

સૂર્ય - સત, પૂ.ભા.
મંગળ - વિશાખા, અનુરાધા
બુધ - શ્રવણ, સતતારા
ગુરુ - પૂ.ફા.
શુક્ર - શ્રવણ, ઘનિષ્ઠ
શનિ - જયેષ્ઠ
હર્ષલ - રેવતી
નેપ્ચ્યુન - સત.
રાહુ - ઉ.ફા.
કેતુ - પૂ.ભા.

શનિ, મંગળ યોગ નબળા સમયની ગવાહી આપે છે. ગુરુ-રાહુ ચાંડાળ યોગ થાય છે. જે યોગ પણ ધાર્મિક મંદિરો, ચર્ચ, ગુરૂદ્વારા વિગેરે માટે નબળા યોગો ગણાય. મુસ્લીમ રાષ્ટ્રોમાં અવળચંડાઈના યોગો બને. પાકિસ્તાનની સરહદે સાચવવું પડે. સીમાંત પ્રદેશમાં છમકલા રહે. આતંકવાદી બળો માથુ ઉંચકે. મકરમાં બુધ, શુક્ર પશ્ચિમી વિક્ષોપતી અસરોથી દેશના ઘણા ભાગોમાં કમોસમી વરસાદ થવાની વકી રહે. ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં પણ કમોસમી વરસાદની વકી રહે. વિષમ હવામાનની વિપરીત અસરો જનધન ઉપર પણ પડતી જણાય. હવામાન ધૂંધળુ અને રોગીષ્ટ જણાય. વૈશ્વિક પર્યાવરણમાં પણ ઘણા બદલાવ આવતા જોવા મળે. પાકિસ્તાન, આર્યલેન્ડ, શ્રીલંકા, આફ્રિકાના ભાગોમાં નબળા યોગોની અસરો જણાય. અમેરિકા, મેક્સિકો, ઉંચ ભાગોમાં ચક્રવાતો ખબર લઈ નાંખે. ઓસ્ટ્રેલિયાના ભાગોમાં પણ હવામાનમાં બદલાવ જોવા મળે. શનિ, મંગળ યોગો વિશ્વમાં યુદ્ધનું વાતાવરણ તૈયાર કરે. ભારતના સીમાંત પ્રદેશો સાચવવા ઘટે.

## ● ફાગણ :- (૧૦ માર્ચથી ૭ એપ્રિલ)

સૂર્ય - શત, પૂ.ભા.
મંગળ - વિશાખા, અનુરાધા
બુધ - શ્રવણ, શત.
ગુરુ - પૂ.ફા.
શુક્ર - શ્રવણ, ઘનિષ્ઠ
શનિ - જયેષ્ઠ
હર્ષલ - રેવતી

## ભગવાન ગણેશજીની સામાન્ય ઉપાસના



ગજ્વદન વિભો યદ્રર્ણિત વૈભવંતે
ત્વિહ જ્નુષિ મમેત્થં ચારુ તદર્શયાંશુ ।
ત્વમસિ ચ કરૂણાયા: સાગર કૃત્સ્નદાતા
પ્રાયં તવભૃતકોહં સર્વદા ચિન્તકો સ્મિ.



અર્થ :- હે હાથીના સમાન મુખવાળા વ્યાપક પરમાત્મા તમારા જે વૈભવોનું વર્ણન થયેલું છે. તે સઘળા વૈભવો મને તમે મારા આ જન્મમાં સારી રીતે જલદી બતાવો. હે પ્રભુ તમે દયાના ભંડાર છો તેમજ તમામ સિદ્ધિના આપનાર છો. હું હંમેશા તમારું જ ચિંતન કરનારો છું.

### સૂર્યદેવની ઉપાસના

જ્યતિ જગત પ્રસૂતિ વિશ્વાત્મા સહજ ભૂષણં નભસ: ।
ત્યુત કનક સદ્રશ દક્ષ શત મયુરવ માલાર્ચિત સ્વસ્વિતા ॥

જેમનાથી આ સર્વ જગતનું સર્જન થયું છે. જેઓ વિશુદ્ધ સુવર્ણ સદ્દશ કિરણાવલિથી અર્ચના પામી રહ્યા છે. એવા વિશ્વાત્મા સૂર્યદેવનો જય હો.

### શ્રી સરસ્વતી ધ્યાન

ૐ યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા યા શુભ વસ્ત્રાદતા
યા વિણા વરદંડ મંડિતકરા યા શ્વેત પદ્માક્ષના
યા બ્રહ્માચ્યુત શંકર પ્રભુ તિભિર દેવૈ સદા વન્દિતા
સામા પાતુ સરસ્વતી ભગવતી નિ:શેષ જાડ્યા પહામ્

